## // આંક–૩૯૦ અને આંક–૩૯૧ લગત સંયુકત હુકમ //

હાલના કામે વાદી તરફે આંક–૩૯૦ થી ગુજરનાર પ્રતિવાદી નં.૨ના વારસદારોને જોડવા થયેલ વિલંબ માફ કરવાની અરજી કરેલ છે તથા આંક–૩૯૧ થી ગુજરનાર પ્રતિવાદી નં.૨ના વારસદારોને જોડવા અરજી કરેલ છે. વાદી તરફે ગુજરનાર પ્રતિવાદી નં.૨ના વારસો પૈકી સુચિત વારસદાર નં.૨/૨ રૂપલબેન પ્રવિણભાઈ બોસમીયા તથા સુચિત વારસદાર નં.૨/૬ પાર્થ પ્રવિણભાઈ બોસમીયાનાઓને અરજીઓ અનુસંધાને પ્રોસેસની બજવણી તેઓના સરનામા નહી હોવાના કારણે કરી શકેલ નથી. જેથી, છેવટની તક સ્વરૂપે ગુજરનાર પ્રતિવાદી નં.૨ના વારસો પૈકી સુચિત વારસદાર નં.૨/૨ રૂપલબેન પ્રવિણભાઈ બોસમીયા તથા સુચિત વારસદાર નં.૨/૬ પાર્થ પ્રવિણભાઈ બોસમીયાનાઓના સંપૂર્ણ અને સાચા સરનામા વાદીએ આવતી મુદત તારીખે કે તે પહેલાં રજૂ કરી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ધપાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આવતી મુદતે કે તે પહેલાં વાદી ગુજરનાર પ્રતિવાદી નં.૨ના વારસો પૈકી સુચિત વારસદાર નં.૨/૨ રૂપલબેન પ્રવિણભાઈ બોસમીયા તથા સુચિત વારસદાર નં.૨/૬ પાર્થ પ્રવિણભાઈ બોસમીયાનાઓના સંપૂર્ણ અને સાચા સરનામા રજૂ રાખી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ધપાવશે નહી તો હાલના કામે આંક–૩૯૦ તથા આંક–૩૯૧ અંગે ધારા–ધોરણસરની આગળની કાર્યવાહી હાથ ધરી હાલના કામની ઈન્સાફી કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે તેવો હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખ ૨૩, માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા. ૨૩.૦૬.૨૦૨૬

(પ્રણવ દિલીપકુમાર મોદી)
પ્રિન્સી. સિનિ. સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજી., જેતપુર.
કોડ નં.જીજે૦૧૨૦૨.

.........................................
P.S.C.J., JETPUR.